ભાયાવદર કોલેજે ચેમ્પિયનશિપ ટ્રોફી કબ્જે કરી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં ભાયાવદર કોલેજના ખેલાડીઓએ મેદાન મારીને પ્રથમ સ્થાન મેળવીને ભવ્ય વિજય સાથે ચેમ્પિયનશિપ ટ્રોફી પ્રાપ્ત કરી શહેરનું નામ રોશન કર્યું હતું.. (ફોટો:રાજુ ખાંભલા)

14 SANDESH : RAJKOT
TUESDAY, 06•10•2026

સંદેશ સૌરાષ્ટ્ર આવૃત્તિ

★ E-mail : editorial.rajkot@sandesh.com

અમરેલી ૯૭૨૬૭ ૪૪૩૭૬ | સાવરકુંડલા ૨૪૩૩૪૩ | બગસરા ૭૦૯૬૬ ૭૦૦૦૮ | ધારી ૯૯૧૩૦ ૬૯૧૧૫ | વાંકાનેર ૮૨૦૦૦૦૪૬૬૫ | ચોટીલા ૯૮૨૫૫ ૮૦૯૫૮ | મોરબી ૨૨૧૧૩૩ | જેતપુર ૯૮૯૮૪ ૧૩૧૧૨ | ગોંડલ | ધોરાજી | ઉપલેટા | રાજુલા | જસદણ

ડૉ. સુબા
ઓર્થોપેડીક દુઃખાવા
સાંધા-સ્નાયુ-સાયટીકા
નસ-રગનાં દર્દો/વા માટે
MRI/ઓપરેશન
વગર મટેલ અસંખ્ય દર્દીઓના અભિપ્રાય વાંચો
આદિત્ય ક્લિનીક
ભારત + અમેરીકામાં અભ્યાસ પછી
વિવિધ હોસ્પિટલ્સનો અનુભવ
બસ સ્ટેન્ડ થી → ગાંધી ચોક થી → જયશ્રી ફાટક, પરબનો ઉતારો,
જુનાગઢ. : ૯૯૭૯૧ ૨૦૨૩૪ / ૯૪૦૮૦ ૧૩૧૦૦

પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ૭મીથી અચોક્કસ મુદતની હડતાલ

અમરેલી જિલ્લામાં વિવિધ પ્રશ્ને ૩૪૮ મહેસુલી કર્મચારીઓની માસ સી.એલ.

આક્રોશ

અમરેલીમાં બેનરો અને સુત્રોચ્ચાર સાથે કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન

| અમરેલી |

ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા આપવામાં આવેલા માસ CLના એલાનના પગલે અમરેલી જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા પણ કાર્યક્રમમાં જોડાવાનું એલાન કરવામાં આવ્યું હતું. જેના પગલે અમરેલી જિલ્લામાં નાયબ મામલતદાર, મહેસૂલી તલાટી, ક્લાર્ક સહિત કુલ ૩૪૮ મહેસૂલી કર્મચારીઓ માસ CLમાં જોડાયા હતા. કર્મચારીઓએ ફરજથી દૂર રહી જિલ્લા મથક અમરેલી ખાતે બહુમાળી ભવન કેમ્પસમાં બેનરો સાથે પ્રતીક ધરણાં યોજી સૂત્રોચ્ચાર કરી પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે વિરોધ નોંધાવ્યો હતો.

મહેસૂલી કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે રાજ્ય મંડળ દ્વારા માસ CLનું એલાન આપવામાં આવ્યું હતું. તેના પગલે અમરેલી જિલ્લામાં પણ કર્મચારી મંડળ દ્વારા માસ CLમાં જોડાવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સવારથી જ વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા મહેસૂલી કર્મચારીઓ બહુમાળી ભવન ખાતે એકત્ર થયા હતા અને બેનરો સાથે પ્રતીક ધરણાં યોજી સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરી હતી. કર્મચારીઓના સામૂહિક માસ CLના કારણે મહેસૂલ વિભાગની દૈનિક કામગીરીને અસર થવાની સ્થિતિ સર્જાઈ હતી. મહેસૂલી કર્મચારીઓ દ્વારા બઢતી અને બદલી સહિતના પડતર પ્રશ્નો, પગાર ધોરણ તથા ગ્રેડ પેની વિસંગતતા દૂર કરવા, મહેસૂલી તલાટીઓના જોબ ચાર્ટ સહિતના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તેમજ સિનિયોરિટીનો લાભ આપવા સહિતની માંગણીઓ કરવામાં આવી રહી છે. ઉપરાંત નવી ભરતી કરતા પહેલાં લાયકાત ધરાવતા નાયબ મામલતદારોને બઢતી આપવાના પ્રશ્ને પણ કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. અમરેલી જિલ્લામાં ૩૪૮ કર્મચારીઓ આ કાર્યક્રમમાં જોડાતા મામલતદાર કચેરીઓ તેમજ મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલી કામગીરી પર અસર જોવા મળી હતી. આગામી ૭ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી પણ આપવામાં આવી છે. ગોંડલમાં વકીલોના આવતીકાલથી ધરણા યોજાશે

ફોટો : યોગેશ કવીશ્વર, દુષ્યંત ભટ્ટ

રાજુલા પ્રાંત કચેરીઓ કર્મચારીઓનો વિરોધ

રાજુલા પ્રાંત કચેરી ખાતે પણ તમામ મહેસૂલી કર્મચારીઓ એકત્રિત થયા હતા. કર્મચારીઓએ પોતાની વિવિધ માંગણીઓ દર્શાવતા બેનરો સાથે ઉપસ્થિત રહી વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓએ સરકાર સમક્ષ રજૂ કરાયેલી માંગણીઓનો સત્વરે હકારાત્મક નિકાલ કરવામાં આવે તેવી માંગ કરી હતી.

ગોંડલમાં ઓટીપી કે લિંક વગર યુવકના બેંક ખાતામાંથી ૬૦ હજાર ઉપડી ગયા

| ગોંડલ |

ગોંડલના ભગવતપરા, વાછરા રોડ પર આવેલ વી.કે. નગર ખાતે રહેતા અને નોકરી કરતા મયુરભાઈ દિનેશભાઈ સોલંકી (ઉં.વ. ૩૬) નામના યુવકે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમનુ એસબીઆઈ બેંકમાં સેવિંગ્સ એકાઉન્ટ આવેલું છે. તેઓ તેમના મોબાઈલમાં 'યોનો SBI' (YONO SBI) એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. ટ્રાન્ઝેક્શન આઈડી મારફતે રૂ. ૩૦,૦૦૦ અને રૂ. ૩૦,૦૦૦ એમ બે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૬૦,૦૦૦ ફરિયાદીની જાણ બહાર, કોઈ પણ OTP કે લિંક વગર UPIથી ટ્રાન્સફર થઈ ગયા હતા. ખાતામાંથી નાણાં ઉપડી ગયાનું માલૂમ પડતાં મયુરભાઈએ તુરંત સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કોલ કરી ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ પી.આઈ. જે. આર. ઝાલા ચલાવી રહ્યા છે.

અમરેલીના દેવળીયા ખેતીવાડી ફીડરમાં અન્ય વિસ્તારના જોડાણો સામે વિરોધ

તાલુકા પંચાયત સદસ્ય દ્વારા વીજ કંપનીને પત્ર પાઠવીને રજૂઆત

અન્ય જોડાણોના કારણે વારંવાર ફોલ્ટની સમસ્યાથી ખેડૂતો ત્રાહિમામ

અમરેલી : અમરેલીના દેવભૂમિ દેવળીયા ગામના એજી ફીડરમાં અન્ય વિસ્તારમાં અપાયેલા વીજ જોડાણોના કારણે વારંવાર ફોલ્ટ સર્જાતો હોવાથી આ જોડાણો દૂર કરી દેવળીયા એજી ફીડરને અલગ કરવાની માંગ સાથે વિરોધ ઉઠ્યો છે. આ મુદ્દે ઉગ્ર શબ્દોમાં વીજ કંપનીને રજૂઆત કરવામાં આવી છે.

આ મુદ્દે અમરેલી તાલુકા પંચાયત સદસ્ય ભાવનાબેન સુખડીયાએ પીજીવીસીએલના નાયબ કાર્યપાલક ઇજનેરને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ દેવળીયા ગામના એજી ફીડરમાં લીલીયા તાલુકાના ગોપાલપુર એજી ફીડરના જોડાણો આપવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. ગોપાલપુર એજી ફીડરના જોડાણોના કારણે દેવળીયા એજી ફીડરની છેલ્લી વીજ લાઇન વધુ પડતી લાંબી થઈ જતાં વારંવાર ફોલ્ટ સર્જાતો હોવાની રજૂઆત કરવામાં આવી છે. જેના કારણે દેવળીયા ગામના ખેડૂતોને ખેતી માટે વીજ પુરવઠો મેળવવામાં મુશ્કેલી પડી રહી હોવાનું પણ જણાવાયું છે.

દેવળીયા એજી ફીડર પરથી ખેડૂતોને પૂરતો અને નિયમિત વીજ પુરવઠો મળી રહે તે માટે અન્ય ફીડરના જોડાણો દૂર કરી દેવળીયા એજી ફીડરને અલગ કરવાની માંગ કરવામાં આવી છે. આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવા પીજીવીસીએલ તંત્રને વિનંતી કરવામાં આવી છે. રજૂઆતની નકલ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરિયાને પણ મોકલવામાં આવી છે.

ઉપલેટામાં ત્રિદેવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

ઉપલેટા: ઉપલેટામાં પોરબંદર રોડ ઉપર આવેલા કાછેલા પરિવારના માતાજી નાગણેચી માતાજી તથા સુરાપુરા બાપાના નવનિર્મિત મંદિર નો ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે.જેમાં પ્રથમ દિવસે ગ્રહ પૂજન માતાજીના સામૈયા સાથે હવનની શરૂઆત થશે બીજા દિવસે ગણપતિ સ્થાપન લોકપાલહોમ અને મહા સ્થાપન કરવામાં આવશે જ્યારે ત્રીજા દિવસે વિધિ વિધાન પૂર્વક માતાજીનું નિજ મંદિરમાં સ્થાપન કરવામાં આવશે

શ્રદ્ધાંજલી



રડી પડે છે આંખો અમારી,
જોઈ તસ્વીર તમારી,
મન હજુ માનતુ નથી કે
તમે અમારી વચ્ચે નથી.
તમારી જીવન જીવવાની રીત,
સમાજ અને કુંટુબીજનોને
હજુ યાદ અપાવે છે.
આપની કુટુંબ પ્રત્યેની ભાવના
અને પ્રેમ કદી ભુલાય નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના

સ્વ. દિનેશભાઈ કરશનભાઈ કાનાણી

સ્વ.તા. ૦૩/૧૦/૨૦૨૬, શનિવાર, (ઉ.વ.૬૨) મોરબી

લી.

જયેશકુમાર મોતીલાલ મેંદપરા (સાઢુભાઈ)	**વનિતાબેન જયેશકુમાર મેંદપરા** (પાટલા સાસુ)
વિનોદકુમાર ભગવાનજીભાઈ કામરીયા (સાઢુભાઈ)	**લલીતાબેન વિનોદકુમાર કામરીયા** (સાળી)
કૌશિકકુમાર પોપટભાઈ બારૈયા (સાઢુભાઈ)	**મનિષાબેન કૌશિકકુમાર બારૈયા** (સાળી)
જીતેન્દ્રકુમાર જેઠાભાઈ રાણીપા (સાઢુભાઈ)	**લતાબેન જીતેન્દ્રકુમાર રાણીપા** (સાળી)
મેહુલકુમાર પ્રભુલાલ કોરીંગા (ભત્રીજા જમાઈ)	**મયુરીબેન મેહુલકુમાર કોરીંગા** (ભત્રીજી)
પાર્થકુમાર જગદીશભાઈ કાસુન્દ્રા (ભત્રીજા જમાઈ)	**નિકીતાબેન પાર્થકુમાર કાસુન્દ્રા** (ભત્રીજી)
રૂતુલ જયેશકુમાર મેંદપરા (ભાણેજ)	**અવનીબેન રૂતુલકુમાર મેંદપરા** (ભાણેજ વહુ)

વિપુલ પ્રજાપતિ - ૯૯૧૩૦ ૫૩૨૮૯

નામ બદલાવેલ છે

આથી હું સોગંદપુર્વક જણાવું છું કે મારૂ જુનું નામ **રંગપડીયા અમિત રમેશભાઇ** હતું તેમાંથી બદલાવીને નવું નામ **રંગપડીયા અમિતભાઇ રમેશભાઇ** રાખેલ છે તેની સર્વેએ નોંધ લેવી.

રંગપડીયા અમિતભાઇ રમેશભાઇ
રાજપર, તા.મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧

નામ બદલાવેલ છે

આથી હું સોગંદપુર્વક જણાવું છું કે મારૂ જુનું નામ **દુર્લભજીભાઇ નાનજી વિડજા** હતું તેમાંથી બદલાવીને નવું નામ **દુર્લભજીભાઇ નાનજીભાઇ વિડજા** રાખેલ છે તેની સર્વેએ નોંધ લેવી.

દુર્લભજીભાઇ નાનજીભાઇ વિડજા
૩૦૧, ધર્મ પેલેસ, યદુનંદન પાર્ક-૫, કેનાલ રોડ,
મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧
ગોસ્વામી-૯૮૭૯૭ ૮૩૩૨૭

નામ બદલાવેલ છે

આથી હું સોગંદપુર્વક જણાવું છું કે મારૂ જુનું નામ **ધાર્મિક દુર્લભજી વિડજા** હતું તેમાંથી બદલાવીને નવું નામ **ધાર્મિક દુર્લભજીભાઇ વિડજા** રાખેલ છે તેની સર્વેએ નોંધ લેવી.

ધાર્મિક દુર્લભજીભાઇ વિડજા
૩૦૧, ધર્મ પેલેસ, યદુનંદન પાર્ક-૫, કેનાલ રોડ,
મોરબી, ગુજરાત-૩૬૩૬૪૧
ગોસ્વામી-૯૮૭૯૭ ૮૩૩૨૭

જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે અમારા અસીલ મોરબી જીલ્લાનાં હળવદ તાલુકાના **ગામ - કીડી**, ગામનાં **ખાતા નં. ૭૮૧, નાં સર્વે નં. ૩૨૧/ પૈકી ૩**, ની ખેડવાણ જમીન **હે. ૨-૮૩-૨૮ ચો.મી.**, નાં ક્ષેત્રફળવાળી માલિક, **બિપીનકુમાર ભીખાભાઇ પટેલ સાંખે કાવર**, ની સ્વતંત્ર હકક માલીકી અને કબ્જા ભોગવટાની આવેલી છે. તેઓ પાસેથી અમારા અસીલ ઉપરોકત વિગતે દર્શાવેલ મિલ્કતનો અવેજ ચુકવીને ખાલી કબ્જે ખરીદવા માંગે છે. અને તેનો વેચાણ દસ્તાવેજ અમારા અસીલ તેઓ જોગ નોંધાવવા માંગે છે.

આમ ઉપરોકત મિલ્કત ઉપર કોઇ વ્યકિત, કે તેના વારસદારો, પેઢી, કોઇપણ સોસાયટી, મંડળીઓ કે એસાઇનીઓ સરકારી, કે અર્ધ સરકારી કચેરીઓ નાણાકીય સંસ્થા, નાણાકીય નિગમો, બેંક કે અન્ય કોઇનો હકક, હિસ્સો, અધિકાર, દર - દાવો કે કોઇનો કોઇ પણ વારસાઈ હકક, ભરણ - પોષણ કે કોઇપણ પ્રકારનું લેણું, બોજો, લીયન કે અન્ય કોઇપણ બાબતનો વાંધો તકરાર હોય તો તેમને આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ સાત (૭) માં લેખીત આધાર પુરાવા સાથે અમારી ઓફીસે રૂજૂઆત કરવી. આ મુદત દરમ્યાન કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર અમારી સમક્ષ લેખીતમાં આવશે નહી તો તમામ પ્રકારનો લાગ-ભાગ જતો યાને વેવ કરેલ છે. તેમ સમજીને અમારા અસીલ સદરહું ઉપરોકત મિલ્કત પરત્વે વેચાણનો વ્યવહાર પુર્ણ કરશે. અને સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ તેઓના નામે કરાવી લેશે અને ત્યારબાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો-તકરારો અમારા અસીલને માન્ય રહેશે નહી. જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

મોરબી,તારીખઃ ૦૬-૧૦-૨૦૨૬, અમારા અસીલની સુચના અનુસાર

રોલેક્ષ દસ્તાવેજ
સી.એમ.બાપોદરીયા (નિવૃત સબ રજીસ્ટ્રાર),વિપ્લેષ આઇ.બાપોદરીયા (વકીલ)
ક્રિપાલ સી. બાપોદરીયા (વકીલ)
રોલેક્ષ દસ્તાવેજ, વોડાફોન સ્ટોરની બાજુમાં, ડો.ભુતસાહેબના દવાખાના નીચે,
શનાળા રોડ, મોરબી-૩૬૩૬૪૧ ઓફિસ મો.નં. ૯૦૯૯૩ ૪૧૯૩૧

જાહેર નોટીસ

અમો ગૌરવ જે. છત્રોલા -એડવોકેટ મોરબી તે લાગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, **મોરબી** જીલ્લાના **મોરબી** તાલુકાના **બગથળા** ગામના **રેવન્યુ સર્વે નં. ૯૦૭/૨** ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી. ૨-૧૦-૪૪** ના ક્ષેત્રફળવાળી માંહેથી **હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧** ના ક્ષેત્રફળવાળી ખેતીની જમીન **અરવિંદભાઇ નરભેરામભાઇ બોપલીયા** ની કબજા ભોગવટા તથા સ્વતંત્ર માલીકીની આવેલી છે. તે ખેતીની જમીન તેઓના નામે રેવન્યુ રેકર્ડમાં ખાતા નં. ૧૯૭૨ થી નોંધાયેલ છે.

ઉપરોકત દર્શાવેલ ખેડવાણ જમીન પરત્વે મોરબી સબ રજી. કચેરીના રજી. દસ્તાવેજ નં.૫૩૭ તા.૦૫-૦૨-૧૯૯૧ થી ખેડવાણ જમીન માલીક તે દેવકરણભાઇ ઘરમશીભાઇ પટેલ સાંખે બોપલીયા પાસેથી **વનિતાબેન નરભેરામભાઇ પટેલ સાંખે બોપલીયા** ને અઘાટ વેચાણ દસ્તાવેજ કરી આપવામા આવેલ. સદરહું અસલ દસ્તાવેજ તથા તેની ફાઇલ **અરવિંદભાઇ નરભેરામભાઇ બોપલીયા** પાસેથી મીસ પ્લેસ થઇ ગયેલ છે અગર તો ખોવાઇ ગયેલ છે અને તે અસલ દસ્તાવેજ તથા અસલ રજી. પહોંચ તેની સાથેની ફાઇલ તેઓના દ્વારા ઘણા પ્રયત્નો કરવા છતાં મળી આવતી નથી. તેથી તે સંબંધે ઉપરોકત વિગતના અસલ દસ્તાવેજની અવેજીમાં તેની ખરી નકલ અમો પાસે રજુ કરેલ છે

તે ખેડવાણ જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. સબબ આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હીત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદરહુ મિલ્કત સંબંધે કોઇ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઇપણનો કોઇપણ વિગતે હકક, અધીકાર, રાઇટસ, માલીકી, હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઇપણ વ્યકિત-સંસ્થા કે બેંકનુ કરજ, લીયન, બોજો, લેણુ, ધીરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઇ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઇ અગ્ર હકક કે કબ્જા હકક હોય તો સંબંધે તેમના લેખીત આધાર-પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ૭(સાત) માં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. અન્યથા મુદત વિત્યેથી સદરહુ મિલ્કત પરત્વે કોઇનો કોઇપણ જાતનો વાંધો-તકરાર, હકક-હીત, હીસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઇ, ઉકત મિલ્કતના માલીકોને ધોરણસરનો અવેજ ચુકવી અમારા અસીલ સદરહુ મિલ્કતનો ઉકત માલીકો અને કબ્જેદારો પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ એકઝીક્યુટ કરાવી લેશે અને વિધીવત રીતે મિલ્કતનો કબ્જો મેળવી લેશે અને ત્યારબાદના કોઇપણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલ્કતને કોઇપણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતા એ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૦૩-૧૦-૨૦૨૬ અસીલની સુચના અને ફરમાઇશથી

ગૌરવ જે. છત્રોલા

ઓફીસ નં. જી-૯,૧૦,૧૧
ગ્રાઉન્ડ ફલોર, લક્ષ્મી પ્લાઝા,
જી.આઇ.ડી.સી. સામે, શનાળા રોડ, મોરબી.
ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ
મો. ૯૮૨૫૯ ૨૮૩૩૩

Central Bank of India
સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા

1911 से आपके लिए "केंद्रित" CENTRAL TO YOU SINCE 19

શાખા : મોરબી શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં. ૨,
યુનિક સ્કવેર, રામેશ્વર એપાર્ટમેન્ટ સામે, કેનાલ રોડ, મોરબી - ૩૬૩૬૪૧

Ref. No. તા. ૧૯.૦૯.૨૦૨૬

રજી. પોસ્ટ એ.ડી./ રૂબરૂ દ્વારા

પ્રતિ,
(૧) મે. એવરસન સિરામિક એલએલપી (લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશીપ)
સર્વે નં. ૨૬૭ પી ૨, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), મોરબી - ૩૬૩૬૪૨
(૨) શ્રી ચંદ્રકાંત નરસીભાઈ કોઠીયા (ભાગીદાર)
સરનામું : (૧) સર્વે નં. ૨૬૭ પી ૨, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), મોરબી - ૩૬૩૬૪૨
સરનામું : (૨) બજરંગ નિવાસ, રવાપર, મોરબી - ૩૬૩૬૪૧
(૩) શ્રી મનોજ વસંતલાલ સોરીયા (નિયુક્ત ભાગીદાર)
સરનામું : (૧) સર્વે નં. ૨૬૭ પી ૨, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), મોરબી - ૩૬૩૬૪૨
સરનામું : (૨) પિતૃ આશિષ, બ્લોક - ૭૮, આલાપ પાર્ક શેરી-૯, સાયન્ટીફીક વાડી, રવાપર રોડ, મોરબી - ૩૬૩૬૪૧
(૪) શ્રી વિશાલ વસંતલાલ સોરીયા (નિયુક્ત ભાગીદાર)
સરનામું : (૧) સર્વે નં. ૨૬૭ પી ૨, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), મોરબી - ૩૬૩૬૪૨
સરનામું : (૨) પ્લોટ નં. ૭૮, આલાપ પાર્ક શેરી-૯, સાયન્ટીફીક વાડી, રવાપર રોડ, મોરબી - ૩૬૩૬૪૧
(૫) શ્રી જગદીશ વશરામભાઈ ભાલોડીયા (ભાગીદાર)
સરનામું : (૧) સર્વે નં. ૨૬૭ પી ૨, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), મોરબી - ૩૬૩૬૪૨
સરનામું : (૨) જબલપુર, ટંકારા, મોરબી - ૩૬૩૬૫૦
(૬) શ્રી આકાશ પ્રફુલભાઈ માકાસણા (ભાગીદાર)
સરનામું : (૧) સર્વે નં. ૨૬૭ પી ૨, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), મોરબી - ૩૬૩૬૪૨
સરનામું : (૨) પટેલ શેરી ૨, ધરમપુર, મોરબી પીપીડબ્લ્યુ, મોરબી - ૩૬૩૬૪૨
(૭) મે. એકવીલા સિરામિક પ્રા.લી.
સર્વે નં. ૨૬૭ પી ૨, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), મોરબી - ૩૬૩૬૪૨
(૮) શ્રી વસંત કાનજીભાઈ સોરીયા
સરનામું : રહેણાંક મકાન બિલ્ડીંગ - ઘુંટુ રે.સ. નં. ૪૬૮/પી, ૪૬૮-૧/ પી, પ્લોટ નં. ૪૬૯/પી, પ્લોટ નં. ૬ અને ૭, પંચવટી સોસાયટી, મોરબી-હળવદ રોડ, ઘુંટુ, મોરબી - ૩૬૩૬૪૨
(૯) શ્રી સુરેશકુમાર નરશીભાઈ કોઠીયા
સરનામું : પ્લોટ શેરી-૧, શ્રી હરિ ટાવર પાસે, રવાપર, મોરબી - ૩૬૩૬૪૧

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૧૩ (૨) હેઠળ નોટિસ

(૧) અમોએ ઉપર દર્શાવ્યા અનુસારની વિનંતી પર એગ્રીમેન્ટ અનુસાર નીચે મુજબની ક્રેડીટ લીમીટની રકમ **રૂા. ૮,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા આઠ કરોડ પુરા)** ની ધિરાણની સગવડો આપી હતી. અને અમારી **મોરબી શાખા** દ્વારા અપાયેલ વિવિધ ક્રેડીટ ફેસેલીટીની સંપૂર્ણ વિગતો નીચે મુજબની છે.

લોનનો પ્રકાર	ખાતા નંબર	લોનની રકમ (રૂા.) માં	વ્યાજનો દર (માસિક લેખે)
CC cum ODBD Facility	૫૨૫૬૪૪૧૭૩૨	૩,૫૦,૦૦,૦૦૦/-	RBLR + 0.30%
Term Loan	૫૩૫૨૦૫૦૭૯૩	૪,૫૦,૦૦,૦૦૦/-	RBLR + 0.30%
	કુલ	૮,૦૦,૦૦,૦૦૦/-	

તમે શરતોને આધિન આ લેણી રકમ ભરવામાં કસૂરવાર ઠર્યા છો.

(૨) અમે આપને જણાવીએ છીએ કે **તા. ૧૯.૦૯.૨૦૨૬**ના રોજની કુલ રકમ **રૂા. ૫,૯૬,૩૨,૯૨૦/- (રૂપિયા પાંચ કરોડ છન્નુ લાખ બત્રીસ હજાર નવસો વીસ પુરા)** + તા. ૨૦.૦૯.૨૦૨૬ થી માસિક લેખે નીચે દર્શાવેલ ટકા મુજબ વાર્ષિક દર અનુસાર રીકવરીની તારીખ સુધીનું થતું નહીં લાગુ પડેલ ચડત વ્યાજ બેંકે લેવાનું થાય છે.

લોનનો પ્રકાર (૧)	ખાતા નંબર (૨)	લોનની રકમ (રૂા.) માં (૩)	વ્યાજનો દર (માસિક લેખે) (૪)	એન.પી.એ.મુજબની લેણી રકમ રૂા. માં (૫)
CC cum ODBD Facility	૫૨૫૬૪૪૧૭૩૨	૩,૫૦,૦૦,૦૦૦/-	૭.૯૦%	૩,૪૯,૯૮,૨૮૫.૬૭/-
Term Loan	૫૩૫૨૦૫૦૭૯૩	૪,૫૦,૦૦,૦૦૦/-	૮.૫૫%	૨,૩૬,૫૨,૯૮૨.૧૪/-
	કુલ	૮,૦૦,૦૦,૦૦૦/-		૫,૮૬,૫૧,૨૬૭.૮૧/-

પેનલ ઈન્ટરેસ્ટ સાદા વ્યાજ દર મુજબ (૬)	રીકવરી બાદની એનપીએની રકમ (રૂા.) માં (૭)	અવાસ્તવિક ઉપાર્જીત વ્યાજની રકમ (રૂા.) માં (૮)	તા. ૨૦.૧૨.૨૦૨૫ ના રોજની કુલ બાકી લેણી રકમ (રૂા.) માં (૫+૬+૭+૮)
૦.૦૦/-	૦.૦૦/-	૭,૦૩,૮૯૮.૦૦/-	૩,૫૭,૦૨,૧૮૩.૬૭/-
૦.૦૦/-	૦.૦૦/-	૨,૭૭,૭૫૫.૦૦/-	૨,૩૯,૩૦,૭૩૭.૧૪/-
	કુલ	૯,૮૧,૬૫૩.૦૦/-	૫,૯૬,૩૨,૯૨૦.૮૧/-
		રાઉન્ડ ઓફ	૫,૯૬,૩૨,૯૨૦.૦૦/-

તમે આ નોટિસની તારીખથી **તા. ૧૯.૦૯.૨૦૨૬**ના રોજની કુલ રકમ **રૂા. ૫,૯૬,૩૨,૯૨૦/- (રૂપિયા પાંચ કરોડ છન્નુ લાખ બત્રીસ હજાર નવસો વીસ પુરા)** (જે મૂળ રકમ વત્તા આ નોટીસની તારીખથી બાકી વ્યાજ દર્શાવે છે) + નહીં લાગુ પડેલ વ્યાજની લેણી રકમ ભરવામાં કસૂરવાર ઠર્યા છો.

(૩) તમો આથી, તમારી નાણાં ભરપાઈ કરવાની સંપૂર્ણ જવાબદારીમાં નિષ્ફળ રહ્યાં છો, તેથી અમે તમારા દેવાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જારી કરેલ માર્ગદર્શક સંહિતા અને /અથવા સૂચનો મુજબ અને/ અથવા બેંક સાટેની માર્ગદર્શક સંહિતા મુજબ **તારીખ ૧૮.૦૯.૨૦૨૬ થી નોન પર્ફોર્મિંગ એસેટ** તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે આપને એ પણ જણાવીએ છીએ કે અમે/ અમારે લેણી થતી આ રકમ ભરપાઈ કરવા આપને વારંવારની ડિમાન્ડ નોટિસો અને મૌખિક વિનંતીઓ કરવા છતાં, આપે આ રકમ ભરપાઈ કરી નથી.

(૪) દેવાદાર/જામીનદાર/ગીરોકર્તા હોવાને લીધે તમો ઉપરના નામધારકો પૈસાની ચૂકવણી માટે અમારી વારંવારની વિનંતીઓ/માંગણીઓ છતાં બેંકની લેણી રકમ **રૂા. ૫,૯૬,૩૨,૯૨૦/- (રૂપિયા પાંચ કરોડ છન્નુ લાખ બત્રીસ હજાર નવસો વીસ પુરા)** + ઉપર મુજબનાં માસિક દરે થતું વાર્ષિક ચડત વ્યાજ ભરપાઈ કરવામાં કસૂરવાર ઠર્યા છો. આથી અમોએ સરફેસી એકટ સેકશન ૧૩(૨) હેઠળ ઉપર મુજબની રકમ **રૂા. ૫,૯૬,૩૨,૯૨૦/- (રૂપિયા પાંચ કરોડ છન્નુ લાખ બત્રીસ હજાર નવસો વીસ પુરા)** + ઉપર મુજબનાં માસિક લેખે થતાં વાર્ષિક દર મુજબની કુલ રકમની માંગણી કરેલ.

(૫) આપ જાણો છો કે ઉપરની લિમિટ આપને નીચેની અસ્કયામતો સિક્યુરીટી એગ્રીમેન્ટ (સિક્યોર્ડ એસેટ્સ) સામે અમારા દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

ક્રમ નં.	સિક્યોર્ડ એસેટ્સ / સ્થાવર મિલ્કતની વિગતોનું વર્ણન	મોર્ગેજ ડીડ/ ડોક્યુમેન્ટનું વર્ણન
૧	**માલિકી : મે. એકવીલા સિરામિક પ્રાઈવેટ લિમિટેડ** **કારખાનાની જમીન અને બિલ્ડીંગ :** જેનો વિસ્તાર ૧૪૫૬૯-૦૦ સ્કે.મી., સર્વે નં. ૨૬૭ પી ૨ ની બિનખેતી જમીન, જેતપર પીપળી રોડ, વેન્ટો સિરામિક સામે, રંગપર (બેલા), તાલુકો મોરબી, જી. મોરબી - ૩૬૩૬૪૨ ખાતે સ્થિત છે. **ચર્તુસિમા : ઉત્તર :** સ.નં. ૨૬૮ ની જમીન, **દક્ષિણઃ** સ.નં. ૨૫૮ ની જમીન, **પૂર્વઃ** સ.નં. ૨૬૭ પી ૧ ની જમીન, **પશ્ચિમ :** સ.નં. ૨૬૩, ૨૬૪, ૨૬૫ અને ૨૬૬ ની જમીન	**તા. ૩૧.૦૧.૨૦૨૩ ના રોજના મોર્ગેજ ડીડ નં. ૧૯૦૮ મુજબ**
૨	**માલિકી : શ્રી વસંત કાનજીભાઈ સોરીયા** **રહેણાંક મકાન :** (બિલ્ટઅપ વિસ્તાર ૮૫-૮૨૭ સ્કે.મી.) જે પ્લોટ નં. ૬ પી (૫૮-૨૬૫ સ્કે.મી.) ઉપર આવેલ અને પ્લોટ નં. ૭ પી (૬૨-૭૩ સ્કે.મી.), કુલ વિસ્તાર ૧૨૦-૯૯૫ સ્કે.મી., સ.નં. ૪૬૮ ની બિનખેતી જમીન, સ.નં. ૪૬૮, સ.નં. ૪૬૮/૧ અને સ.નં. ૪૬૯ પી, ગામ ઘુંટુ, મોરબી તાલુકા હેઠળ, જી. મોરબી - ૩૬૩૬૪૨ ખાતે સ્થિત છે. **ચર્તુસિમા : ઉત્તર :** પ્લોટ નં. ૬ પી અને ૭ પી ની જમીન, **દક્ષિણઃ** બિનખેતી રસ્તો, **પૂર્વઃ** બિનખેતી રસ્તો, **પશ્ચિમ :** પ્લોટ નં. ૮ ની મિલકત	

(૬) ઉપર જણાવેલ કારણોસર, અમે આપને અમારા લગતી આપની જવાબદારીઓ અર્થાત તા. ૧૯.૦૯.૨૦૨૬ ના રોજની રકમ **રૂા. ૫,૯૬,૩૨,૯૨૦/- (રૂપિયા પાંચ કરોડ છન્નુ લાખ બત્રીસ હજાર નવસો વીસ પુરા)** + નહીં લાગુ પડેલ વ્યાજ (ઉપર મુજબનાં દરે વાર્ષિક મુજબ) માસિક લેખે,આ નોટિસની તારીખથી દિવસ સાંઇઠ (૬૦)માં ભરપાઈ કરી જવા જણાવીએ છીએ, જેમાં કસૂર થવાથી અમે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૧૩(૪) હેઠળ ઉપર જણાવેલી સિક્યોર્ડ એસેટ્સ સામે અધિકારોનો ઉપયોગ કરીશું. ઉક્ત કાયદાના સેક્શન ૧૩ હેઠળના અધિકાર ઉપરાંત આ કાયદામાં અમને (૧) દેણું વસૂલ કરવા દેવાદારની સિક્યોર્ડ એસેટ્સનો કબજો લેવાનો, તેને લીઝ, એસાઈન્મેન્ટ કે વેચાણથી તબદિલ કરવાનો હક્ક, (૨) દેવાદારના ધંધાનું વ્યવસ્થાપન કબજો લેવાનો, તેને લીઝ, એસાઇન્મેન્ટ કે વેચાણથી તબદિલ કરવાનો હક્ક, (૩) સિક્યોર્ડ એસેટ્સ કે જેનો કબજો બેંકે (સિક્યોર્ડ ક્રેડિટર) લીધો છે અથવા જો તને તબદિલી કરી હોય તો એ સંબંધમાં, તેના મેનેજર તરીકે કોઈ વ્યક્તિને નીમવાનો અને સિક્યોર્ડ એસેટ્સની કોઈપણ પ્રકારની તબદિલી જેને તબદિલ કરવામાં આવી છે તેના હિતમાં બધા હક્કો કરવા, (૪) કોઈએ જો તમારી પાસેથી સિક્યોર્ડ એસેટ્સ મેળવી હોય અને એની પાસેથી કોઈ રકમ લેવાની હોય કે તમારે લેવાની થતી હોય, અમને (સિક્યોર્ડ ક્રેડિટર) ચૂકવવાની થતી હોય, એટલી રકમ કે જે સિક્યોર્ડ દેણું ચૂકવવા પૂરતી હોય, તેને કોઈ પણ સમયે લેખિતમાં નોટિસ આપવાની સત્તા છે.

(૭) ઉપર જણાવેલ સત્તાનો ઉપયોગ કરીને મળેલી રકમ, પહેલાં તો તમામ પડતર, ચાર્જીસ અને ખર્ચા જે અમારે હિસાબે યોગ્ય રીતે કરવામાં આવેલ છે અથવા આ સંબંધે આકસ્મિક ખર્ચ થયો હોય/તેમાં થશે, બીજું, બેંકે ઉપર જણાવ્યા પ્રમાણે બેંકે લેવાના થતા પૈસા ઉપરાંત આ નોટિસની તારીખથી ખરેખર નાણાં ચૂકવાય તે તારીખ સુધી કરાર મુજબના થતા વ્યાજ સામે ગણાશે. અને જો કોઈ નાણાં બચશે, તો આના સંબંધિત યોગ્ય વ્યક્તિને તેના અધિકાર અને રસ મુજબ ચૂકવવામાં આવશે, જો કોઈ વ્યક્તિ પૈસા લેવા માટે યોગ્ય નહીં હોય તો તમને ચૂકવવામાં આવશે.

(૮) એ વાતની આ નોટિસ મળ્યા પછી, કાયદાના સેકશન ૧૩ ના સબસેકશન ૧૩ મુજબ, તમે વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે આ નોટિસમાં જણાવેલ સિક્યોર્ડ એસેટ્સને સિક્યોર્ડ ક્રેડિટરની લેખિત પૂર્વમંજૂરી સિવાય તબદિલ કરી શકશો નહીં. અમે આથી તમારું ધ્યાન દોરવા માંગીએ છીએ કે જો તમે કાયદાની જોગવાઈનું ઉલ્લંઘન કરશો તો સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૨૯ પ્રમાણે ૧ વર્ષ સુધીની જેલ, અથવા દંડ, અથવા બંને થઈ શકે છે.

(૯) અમે તમને એ પણ જાણ કરીએ છીએ કે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન હેઠળ અમારી કાર્યવાહી કે પ્રક્રિયાઓનો હક ઉપરાંત અમે અમારો અધિકાર (૧) અમે તમારી અને /અથવા દેવાદાર પાસેથી બાકી લેણી થતી રકમ વસૂલ કરવા તમે અને/ અથવા દેવાદાર સામે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ / કોર્ટમાં જે હોય તે, સમાંતર રીતે દાવો/ અરજી/ કેસ દાખલ કરવાનો, (૨) જો સિક્યોર્ડ એસેટ્સના વેચાણથી કોન્ટ્રેક્ચ્યુઅલ (કરાર મુજબ) વ્યાજ સાથે બાકીની તમામ બાકી રકમ ભરપાઈ થઈ જાય તો અને/ અથવા દેવાદાર સામે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ/ કોર્ટમાં જે હોય તે, આગળની કાર્યવાહી કરવાનો/ કરાવવાનો, (૩) કાયદાની જોગવાઈ મુજબ તમે અને/ અથવા દેવાદાર સામે તમારા કમિશન કે ઓમિશનના કાર્ય માટે ગુનો આચરવા બદલ કાર્યવાહી કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે.

(૧૦) ગીરવે રાખેલ અસ્ક્યામતો આપેલ સમયમાં છોડાવવા અંગે દેવાદારનું કાયદા સેકશન ૧૩ના સબ સેકશન (૮)ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

સહી/- ચીફ મેનેજર/ અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

SBI ભારતીય સ્ટેટ બેંક

સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા,જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૨૯.૧૦.૨૦૨૬

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ વંચાણે લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૨૯.૧૦.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	**ઔધોગિક મિલકત :** જે પ્લોટ નં. ૭ પૈકી, રેવન્યુ સર્વે નં. ૮૦૦/૪ પૈકી, વાસુકી ઉધોગનગર, સામાકાંઠે, જેતપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રોડ, પ્રકાશ ચોક, રબારીકા ચોકડી પાસે, નેશનલ હાઈવે-૨૭ તરફ (જેતપુર - ગોંડલ રોડ), તા. જેતપુર, જી. રાજકોટ ખાતે સ્થિત છે. (Property ID: SBIN200026804863)	**તા. ૨૫.૦૪.૨૦૨૩ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૬૫,૦૫,૩૨૦.૭૭ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો**	**પ્રત્યક્ષ કબજો (૧૭.૧૨.૨૦૨૩)**	**મે. શ્રી બાબા રામદેવ ટેક્ષટાઈલ**	**મે. શ્રી બાબા રામદેવ ટેક્ષટાઈલ**	**રૂા. ૮૩,૦૦,૦૦૦** **રૂા. ૮,૩૦,૦૦૦** **રૂા. ૨૫,૦૦૦**	**૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૧.૦૦ થી બપોરે ૨.૦૦**
૨	**જમીન અને તેના ઉપરનું બાંધકામ સહિતનું રહેણાંક મકાન :** જે નવાગઢ રે.સ. નં. ૧૪૩ પૈકી, એ ૨-૩૩ ગું., રહેણાંક હેતુ બિનખેતી જમીન પૈકી પ્લોટ નં. ૧૬ પૈકી પૂર્વ-દક્ષિણ બાજુની ૧૩૭.૪૬ સ્કે.મી. ૧૬૪.૪૦ સ્કે. યાર્ડસ, નવાગઢ, તાલુકો જેતપુર, જી. રાજકોટ ખાતે સ્થિત છે. જે **શ્રી મનીષ મનસુખલાલ ગરાચ** ના નામની છે. (Property ID: SBIN20056116368)	**તા. ૦૮.૧૨.૨૦૨૨ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૧,૧૩,૧૦,૬૭૪.૯૮ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો**	**પ્રત્યક્ષ કબજો (૨૫.૦૧.૨૦૨૪)**	**મે. જય કપી એક્ષીમ, શ્રી મનીષ મનસુખલાલ ગરાચ, શ્રીમતી રંજનબેન મનસુખલાલ ગરાચ**	**શ્રી મનીષ મનસુખલાલ ગરાચ**	**રૂા. ૫૧,૭૫,૦૦૦** **રૂા. ૫,૧૭,૫૦૦** **રૂા. ૨૫,૦૦૦**	**૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦**

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૯.૧૦.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યકે ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ કેવાયસી દસ્તાવેજ/ ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓક્શન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકીંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".
તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદ કુમાર ઓઝા - મોબાઈલ નંબર ૯૦૦૬૩ ૮૧૨૩૬
વિગતો માટે સંપર્ક કરો : ક્રમ નં. ૧ માટે : શ્રી જયંત મરાઠે - મોબાઈલ નંબર ૭૦૨૮૭ ૮૯૮૮૨, ક્રમ નં. ૨ માટે : શ્રી ધર્મેશ મહેતા - મોબાઈલ નંબર - ૭૬૦૦૦ ૩૫૯૨૮

નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baanknet.com **પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર** M/s. PSB Alliance Pvt. Ltd. **દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૯૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ** https://baanknet.com **પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડિટર વેબસાઈટ** https://sbi.bank.in/web/sbi-in-the-news/auction-notices/bank-e-auctions **માં આપેલી લિંકનો સંદર્ભ લો.**

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

(૧) ઉધારકર્તા/ ડાયરેકટરો/ જામીનદારો/ મોર્ગેજરો/ કાયદાકીય વારસદારો ને ઉપરોકત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચૂકવી દેવાની સૂચના આપવામાં આવે છે, જો તે નિષ્ફળ જશે તો મિલકતોની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ જો કોઇ હોય તો તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાનૂની રીતે વસુલ કરવામાં આવશે. (૨) જો આવી વિચારણા માટે જમા થયેલી અથવા ચૂકવવામાં આવેલી રકમની કુલ રકમ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ હોય, તો કલમ 194-1-A હેઠળ લાગુ પડતા TDS ચૂકવવાની જવાબદારી સફળ બિડરની રહેશે. Form 26QB ભરીને TDS ઓનલાઈન ફાઈલ કરવો જોઈએ અને Form 16B માં TDS પ્રમાણપત્ર જારી કરવું જોઈએ. ખરીદનારએ ઈ-હરાજીના ૧૫ દિવસની અંદર સરકારી ખાતામાં આવકવેરો જમા કરાવ્યો હોવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. (૩) બિડીંગની રકમ પર લાગુ પડતો GST બિડર દ્વારા ભોગવવાનો રહેશે.

તારીખ : ૦૬.૧૦.૨૦૨૬, સ્થળ : રાજકોટ **(નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે)** **સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ**